ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૯ ટકા

# મીના બજારમાં શૌચાલય બન્યું 'ગંદકીનું ઘર'

## સાંકડી પાઈપલાઈનના કારણે ઉભરાતી ગટરથી દુર્ગંધનું સામ્રાજય : અનેક રજૂઆતો છતાં તંત્રની ઉદાસીનતા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં હવે સ્વચ્છતા અભિયાન ભુલાઈ રહ્યું હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. દુર્ગંધ ફેલાઈ રહી છે તથા તેની ગટરના લિકેજને કારણે સર્જાયેલ ગંદકીના કારણે રોગચાળો ફેલાવાનો ખતરો ઉભો થવા પામ્યો છે. પરિસ્થિતિને કારણે આ મીના બજારના મુલાકાતીઓ તથા ગ્રાહકો તેનો ઉપયોગ કરવાનું ટાળી રહ્યા આ પરિસ્થિતિના કારણે વેપારીઓને નુકશાન ભોગવવાનો વારો આવી રહ્યો છે. આ ગંદકીની સમસ્યા અંગે કરવામાં આવી છે તેમ છતાં તંત્રના બ્હેરા કાને અથડાઈને પાછી ફરવા સિવાય વધુ કંઈ થતું નથી. પરિસ્થિતિ સર્જાઈ છે. હાલ ડબલ ઋતુ અને ગંદકીના માહોલમાં શહેરમાં ઋતુજન્ય બિમારીઓ ઋતુજન્ય રોગોના ફેલાવા અંગે ભય પેદા થવા પામ્યો છે. સત્વરે આ શૌચાલયની સાફસફાઈ કરાય તથા

### સફાઈ માટે કાયમી કર્મચારી જ નથી

એક તરફ સરકાર દ્વારા શૌચાલયનો ઉપયોગ કરવા મોટી મોટી જાહેરાતો કરે છે જયારે બીજી તરફ મીના બજારમાં શૌચાલયની સંભાળ માટે એક પણ કાયમી કર્મચારી મુકવામાં નથી આવ્યો. કાયમી કર્મચારી ના હોવાને કારણે અહીં શૌચાલયની હાલત દિનપ્રતિદિન બદતર થતી જાય છે. છેવટે મુલાકાતીઓ-ગ્રાહકો વગેરેને ફરજિયાત મીના બજારની પાછળની ઝાડીઓનો આશરો લેવો પડે છે.








શહેરના હાર્દસમા વિસ્તારમાં જુના સચિવાલય પાસેન મીના બજારમાં તંત્રના દુર્લક્ષને કારણે સ્વચ્છતા બાબતે વિષમ પરિસ્થિતિ સર્જાઈ છે જેના કારણે આ બજારના લારી ગલ્લા સહિતના વેપારીઓને સહન કરવાનો વારો આવ્યો છે. મીના બજારમાં શૌચાલયની પરિસ્થિતિના કારણે મીનાબજારના જાહેર શૌચાલય આસપાસ વરસાદી પાણી ભરાવાને કારણે કાદવ કીચડ થવા પામી રહ્યો છે. વળી આ શૌચાલયની ગટરની પાઈપલાઈન સાંકડી હોવાને કારણે પણ ગંદકી ફેલાઈ છે જેની સાથે દુર્ગંધ પણ બજારમાં પ્રસરી રહી છે. આ છે એટલું જ નહી કેટલાક ગ્રાહકો તો હવે મીનાબજારમાં જ આવવાનું ટાળી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી વેપારીઓ દ્વારા તથા પ્રગતિ લારી પાથરણા મંડળ દ્વારા પણ અનેકવાર મૌખિક અને લેખિત ફરિયાદ

સ્થાનિક વેપારીઓના કહેવા મુજબ આ શૌચાલયમાં કોઈ કાયમી કર્મચારી ના હોવાને કારણે આ ફેલાવા પામી રહી છે. વળી સ્વાઈન ફલુ, ડેન્ગ્યુ તથા મેલેરિયા જેવા વાવરને પગલે મીના બજારમાં પણ ગટરની પાઈપલાઈન નવી નાંખવામાં આવે તેવી સ્થાનિક વેપારીઓ, લારી ગલ્લા ધારકો સેવી રહ્યા છે.

## ગૌરી લંકેશની હત્યાને ગાંધીનગરની અખબારી આલમે વખોડી નાખી

ગાંધીનગર, તા. ૭

કન્નડ ભાષાનું સાપ્તાહિક અખબાર ચલાવતાં પ્રસિદ્ધ પત્રકાર ગૌરી લંકેશની બેંગ્લોરમાં હત્યા કરી નાખવામાં આવી છે, એ બાબતને ગાંધીનગર જિલ્લા સાપ્તાહિક તંત્રી ફેડરેશન દ્વારા વખોડી નાખવામાં આવી છે.

ફેડરેશનના અગ્રણી ભરત કવિ, રમેશ પટેલ, લક્ષ્મણ પટેલ, પાર્થ ઠક્કર, જૈનુલ પટેલ દ્વારા આ અંગે રોષ પ્રગટ કરતાં જણાવવામાં આવ્યું છે કે એક વ્યક્તિની હત્યા એ અત્યંત ઘૃણાસ્પદ કૃત્ય છે અને એમાંય એક પત્રકારની હત્યા એ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની હત્યા સમાન છે. આ ઘટનાના કર્તાઓને તાત્કાલિક ડામવા જોઈએ એવી લાગણી અને માગણી ફેડરેશન દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

## ગિયોડ મંદિર બહાર પોલીસે સ્કુટર ચાલકની જાહેરમાં ધોલાઈ કરી

ગાંધીનગર, તા.૭

ચિલોડા હાઈવે પર આવેલા પોલીસની સોશ્યલ મિડીયામાં થું-થું થઈજવા પામી છે. તો બીજી તરફ




ગિયોડ મંદિરે ગઈ કાલે પુનમનાં દિવસે મેળો ભરાયો હતો. મંદિરે દર્શન કરવા ભાવિકોની ભારે ભીડ જામી હતી ત્યારે વાહન પાર્કિંગ બાબતે પોલીસે સિંઘમ બની જઈને એક દર્શનાર્થીની ધોલાઈ કરી મુકતા ચકચાર મચી જવા પામી છે. જાહેરમાં ડંડાવાળીનો વિડીયો ઉતારી વાયરલ કરાતા ગાંધીનગર વાહનચાલક યુવાને ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે અજાણી પોલીસ સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. જો કે નવાઈની વાત તો એ છે કે તેમના જ પોલીસ સ્ટેશનના જમાદારો વિડીયોમાં સ્પષ્ટદેખાતા હોવા છતા ચિલોડા પોલીસે અજાણી પોલીસ સામે ગુનો દાખલ કર્યો છે.

## ૭ વર્ષના બાળકના સ્વાદુપિંડ પર સફળ શસ્ત્રક્રિયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. શહેરની હોસ્પિટલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે.જેને પગલે દર્દીઓનો ધસારો રહે છે. ત્યારે વિજાપુરના સાત વર્ષનો બાળક છેલ્લા ઘણા સમયથી સ્વાદુપિંડની ગંભીર બિમારથી પિડાતો હતો. વિવિધ દવાખાનામાં સારવાર કરાવી હતી પરંતુ બાળકના દર્દમાં કોઈ ફેર પડતો નહતો. આખરે તે અને તેના પરિવારજનો ગાંધીનગર હોસ્પિટલ ખાતે સારવાર માટે આવ્યા હતા. છેલ્લા એક વર્ષથી બાળકની સારવાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવતી હતી. જેમાં તેને સ્વાદુપિંડમાં અસંખ્ય પથરી હોવાનું તેમજ બરોળ પર સોજો હોવાનું નિદાન થયું હતું. જેને પગલે બાળક દર્દથી કણસતો હતો. ત્યારબાદ તાજેતરમાં જ બાળકનું ઓપરેશન હોસ્પિટલના સર્જન ડોકટરની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ડો. નિયતીબેન લાખાણી, ડો હિરેન પરમાર, ડો. જયદિપ ગઢવી દ્વારા સ્વાદુપિંડમાં સફળ શસ્ત્રક્રિયા કરીને પથરી નિકાળવામાં આવી હતી. એનેથેસીયા તરીકે ડો. હિના મદાણી તેમજ ડો. હિતેશ બ્રહ્મભટ્ટે સેવા આપી હતી. જયારે ઓપરેશન આસિસ્ટન્ટ તરીકે ચંદ્રેશ રાઠોડ અને મનુ ઠાકોરે સેવા આપી હતી. સર્જનની ટીમ દ્વારા સ્વાદુપિંડની તમામ પથરી તેમજ બરોળ પર સોજો હોવાથી તેની નસ બ્લોક હોવાથી બરોળની પણ જટીલ સારવાર કરવામાં આવી હતી. આ જટીલ સર્જરી છે જે સફળતા પૂર્વક કરવામાં આવી હતી અને દર્દીને બિમારીમાંથી મુકત કરવામાં આવ્યો હતો.ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જટીલ ઓપરેશન સર્જન ડોકટરની ટીમ દ્વારા કરવામાં આવે છે જેનો લાભ જિલ્લાના ગરીબ દર્દીઓને મળી રહ્યો છે.





આઈ લવ માય ગાંધીનગર



### ચિરાગ એસ જોષી
**ડિરેક્ટર**
**નેવીગેટર્સ એજ્યુકેશન**
**ગાંધીનગર ગમે**

શહેરી સુવિધાઓ છતાં ગ્રામાંચલનો અહેસાસ કરાવતું હરિયાળું શહેર, નગરજનોની સંવેદનશીલતા, અનેકતામાં એકતાને કારણે સેવાકીય, શિક્ષણ, સાંસ્કૃતિક, ધાર્મિક, કલાકીય, સાહિત્યિક અને સામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનતું જાય છે. તેથી ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

મૌલિક કૌશલ્ય સાથે સંવેદનશીલ બૌદ્ધિક યુવા વર્ગ અને નિવૃત્તિમાં પણ સદાય પ્રવૃત્ત રહેતા નગરના વરિષ્ટ નાગરિકો તેમજ વિશિષ્ટ લાક્ષણિકતાઓથી આગવું સ્થાન ઊભી કરતી નારીઓ, વૈવિધ્યતાસભર મિજાજ ધરાવતા નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા, જાયન્ટ્સ ગૃપ ઑફ ગાંધીનગર ઉપરાંત કલા, સંસ્કૃતિ અને સંસ્કારોને પોષતી અનેક સંસ્થાઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

શહેરનાં રસ્તાઓ પર ફરતી ગાયો અને પ્રાણીઓની સમસ્યા સત્વરે દૂર કરવી જોઈએ. શહેરની રિક્ષાસેવામાં મીટર હોવાં જોઈએ.

**નગર માટે હું કરી શકું**

રક્તદાન, ચક્ષુદાન, દેહદાન જેવી પ્રવૃત્તિઓ તેમજ વસ્ત્રદાન, અક્ષરજ્ઞાન આપવા માટેની સઘળા પ્રકારની પ્રવૃત્તિઓમાં સહાયક બનવા તત્પર છું. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં મારી સેવાની જરૂર પડે ત્યાં સહાય કરવાની તૈયારી છે.

## ચીનુભાઈ વલ્લભદાસ દેસાઈનું ફલોરીડા ખાતે દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૭

ચીનુભાઈ વલ્લભદાસ દેસાઈ (સી.વી. દેસાઈ)નું ૭૭ વર્ષની વયે અમેરિકાના ફલોરીડા ખાતે દુઃખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થ સી.વી. દેસાઈના આત્માની શાંતિ માટે તેમના કુટુંબીજનોએ શ્રધ્ધાંજલિ આપી હતી. તેમના પાસે તેમના ધર્મપત્ની ચંદ્રીકાબેન, પુત્રી શીતલ, પુત્ર નયનભાઈ, સફલ, સુઝી, સિંહલ, ડિમ્પલ, દિપા વગેરે છેલ્લી ઘડીએ હાજર હતા.

સી.વી. દેસાઈને વિનોદ રાઠોડે વિડિયો કોન્ફરન્સ દ્વારા છેલ્લી ઘડીએ નિહાળ્યા હતા. ટુંકી બે દિવસની માંદગી બાદ તેમનું અવસાન થયું છે. ગાંધીનગર ખાતે સૌથી પ્રથમ હોસ્ટેલ ચલાવતા તેમજ એસ.વી. કોલેજમાં પ્રોફેસર, વાવોલ, એમ.બી. પટેલ વિદ્યાલયમાં પ્રસંશનીય સેવાઓ બજાવી હતી.

સી.વી. દેસાઈના ધર્મપત્ની ચંદ્રીકાબેન અને તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ દુઃખદ ઘટનામાં પ્રભુ તેમને હિંમત આપે એ જ પ્રાર્થના.

## ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની દિવ્યાંગોની રમત-ગમતનું આયોજન

ગાંધીનગર, તા.૭

રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર, જિલ્લા રમત ગમત અધિકારી ગાંધીનગર અને એસ.એ.બી. સંચાલિત અંધશાળા, ગાંધીનગર દ્વારા ખેલ મહાકુંભ-૨૦૧૭ અંતર્ગત ખાસ ખેલ મહાકુભની જિલ્લા કક્ષાની દિવ્યાંગોની રમત ગમતનું આયોજન આગામી તા.૯ સપ્ટેમ્બરને શનિવારના રોજ સેકટર-૧૬ મહાત્મા મંદિર ખાતે સવારે ૮.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. આ રમત ગમત સ્પર્ધાના ઉદઘાટક તરીકે જિલ્લા કલેકટર સતીષભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે અને બાળકોને પ્રોત્સાહીત કરશે. જયારે મુખ્ય મહેમાન તરીકે સામાજીક કાર્યકર સવિતાબેન રાણા, મિતાલીબેન કોઠારી તેમજ અતિથિ વિશેષ તરીકે પ્રદિપસિંહ વાઘેલા હાજર રહેશે.

## જુ.સી.કા. દ્વારા સત્યનારાયણની કથા યોજાશે

ગાંધીનગર, તા.૭

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેમાં ગત વર્ષે ૫૦ અનામિ મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવેલ છે. તે નિમિતે પ્રતિવર્ષની જેમ પરંપરા મુજબ અનામિ મૃતકોના મોક્ષ અર્થે શ્રાદ્ધ વિધિ અને સત્યનારાયણ ભગવાનની કથા તા.૧૦ સપ્ટેમ્બરને રવિવારના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન સંસ્થાના કાર્યાલય ઉપર યોજાશે. કથાના અંતે વિવિધ સંસ્થાના બાળકો તથા વૃધ્ધોને ભોજનથી તૃપ્ત કરવામાં આવશે.



સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મનપાના ડે. કમિશનર જે.બી. બારૈયાએ મુલાકાત લીધી હતી. તેઓએ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગ, કિમો ડાયાલીસીસ વિભાગ, આઈસીયુ લેબર વોર્ડ, પિડિયાટ્રીક વોર્ડ સહિતના વિવિધ વિભાગોની મુલાકાત લઈને સફાઈ અંગે દર્દીઓને મળતી સુવિધાઓની પણ ચકાસણી કરી હતી અને સિવિલ તંત્રને જરુરી સુચનો કર્યા હતા. આ પ્રસંગે તેઓની સાથે હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. રાજેન્દ્ર ચૌહાણ, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિબેન પટેલ, એસ.આઈ. પ્રકાશભાઈ, સિકયુરીટી સુપરવાઈઝર મુકેશભાઈ સહિત રાજદીપ એન્ટરપ્રાઈઝના સુપરવાઈઝરો હાજર રહ્યા હતા.

# ગાંધીનગરમાં યામાહા ટેકનીકલ એકેડેમી સ્થપાશે

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયની વીપીએમપી પોલીટેકનીક કોલેજના યામાહા ઈન્ડિયા મોટર્સ સાથે એમઓયુ : ગુજરાતમાં ત્રીજુ સેન્ટર બનશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં હવે યુવાનોને ઓટોમોબાઈલ ક્ષેત્રે વૈશ્વિક કક્ષાની તાલીમ ઉપલબ્ધ થશે. આ તાલીમ સાથે આંતરરાષ્ટ્રીય ઓટોમોબાઈલ ક્ષેત્રે જાણીતી કંપનીમાં રોજગારી પણ પ્રાપ્ત થશે. આ બાબતનો શ્રેય કડી સર્વ વિશ્વ વિદ્યાલયની વીપીએમપી પોલીટેકનીક કોલેજને ફાળે જાય છે જેના આજે ઓટોમોબાઈલ ક્ષેત્રની અગ્રણી કંપની યામાહા ઈન્ડિયા મોટર્સ સાથે ટેકનીકલ એકેડેમી સ્થાપવા માટેના એમઓયુ સાઈન થયા છે.

સે-૧૫ સ્થિત વીપીએમપી




કોલેજ ખાતે આજે યોજાયેલ એમઓયુ સાઈન સમારંભમાં યામાહા ઈન્ડિયા મોર્ટસના જનરલ મેનજેર ઓગોમોરી સેન ઉપસ્થિત રહ્યા હતા. જેમણે જણાવ્યું હતું કે આ ટેકનીકલ એકેડેમી એ યામાહા માટે એક સામાજિક જવાબદારીનો ભાગ છે. સમગ્ર દેશમાં ૩૮મું અને ગુજરાતમાં આ ત્રીજું સેન્ટર છે. જેમાં ધો-૮ પાસ યુવાનો તાલીમ મેળવી શકશે એટલું જ નહી પરંતુ તેના થકી યામાહામાં રોજગારી પ્રાપ્ત કરવાની તક પણ મેળવશે. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કાપડિયાએ આ એમઓયુને સંસ્થાની ઐતિહાસિક ઉપલબ્ધિ સમાન ગણાવ્યું છે. આ પ્રસંગે યામાહા મોટર્સના ઝોનલ સર્વિસ મેનેજર ગીરીશ નાઈક તથા રીજીયોનલ સર્વિસ મેનેજર ધવલ ઘોડાસરા પણ ઉપસ્થિત રહ્યા હતા. વીપીએમપી પોલીટેકનીકના આચાર્ય પ્રો. એ.જે. પટેલે આ ટેકનીકલ એકેડેમીને શ્રેષ્ઠ એકેડેમી તરીકે નામના પ્રાપ્ત કરે તે દિશામાં પ્રયત્નો કરવાની કટિબદ્ધતા દર્શાવી હતી.

### આઠમું પાસ યુવાનો પણ તાલીમ મેળવી શકશે

યામાહા ટેકનીકલ એકેડેમીનું આ સમગ્ર દેશમાં ૩૮મું અને ગુજરાતમાં ૩જું સેન્ટર હશે જેનો તાલીમ કોર્સ એક વર્ષનો રહેશે. આ કોર્સને નવી દિલ્હીની ઓટોમોટીવ સ્કીલ્સ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત છે અને જેમાં ધો-૮ પાસથી ઉપરના યુવાનો તાલીમ મેળવી શકશે. તાલીમ બાદ યામાહા દ્વારા તેમને રોજગારી પુરી પાડવાનું આયોજન હોવાનું પણ ઓગોમોરી સેને જણાવ્યું હતું.

## વાતવાતમાં

● જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. દિપક જાગાણીને આજથી ૧૦ દિવસ માટે બનાસકાંઠા જિલ્લામાં પ્રતિ નિયુકિત પર ફરજ પર મુકવાના હુકમો સરકારમાંથી થયા છે.

● સે-૬માં ઝુંપડપટ્ટીની સમસ્યાને કારણે રહીશો માટે રહેવું દુષ્કર થઈ ગયું છે. અગ્રણી વેપારી ગોવિંદભાઈ લુખડિયાએ ઝુંપડાવાસીઓ દ્વારા ખુલ્લામાં થતી શૌચક્રિયા ને બંધ કરાવવાની ઉગ્ર રજુઆત કરી છે.

## શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, સે-૨૨ દ્વારા આગમન એકસ્પોનું ભવ્ય આયોજન

સેકટર-૨૨ જૈન ઉપાશ્રયે બિરાજતા પૂ. સદગુણાબાઈ મહાસતીજીના માર્ગદર્શન તેમજ શ્રી સંઘના યુવા વર્ગના સહકારથી તા. ૧૦-૯-૨૦૧૭ને રવિવારે સવારે ૯ થી સાંજે ૫ કલાક સુધી આગમ એકસ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અકસ્પોમાં ભગવાન મહાવીરે ફરમાવેલ આગમરૂપી જૈનવાણીને જાણવા-માણવાનો નવતર પ્રયોગ પોસ્ટર્સ/મોડેલ્સ દ્વારા રજૂ કરવામાં આવશે.

આ આગમ અક્સ્પોની મુલાકાત લેનારને એક લકી ડ્રોની કુપન આપવામાં આવશે જે પૈકી ૩૨ ઈનામોનો લકી ડ્રો રૂ. ૨૦૦ની કિંમતનો કરવામાં આવશે અને અક્સ્પોની મુલાકાત લેનાર દરેક વ્યકિતને એક આકર્ષક ગીફટ આપવામાં આવશે. સમસ્ત જૈન સમાજના સૌ સભ્યોને (બાળકો સહિત) આ આગમ અક્સ્પોની મુલાકાત લેવા પ્રમુખ આર.ડી. ગાંધીએ અનુરોધ કર્યો છે.

## સત્યાગ્રહ છાવણી ખાતે ૧૨મીથી ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટર ઉપવાસ પર

ગુજરાત રાજયના ગામડાઓમાં છેલ્લા ઘણા સમયથી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે માત્ર નજીવા પગારમાં કોમ્પ્યુટર ઓપરેટર સાહસિક ફરજો બજાવે છે. સમગ્ર રાજયમાં ૧૦,૦૦૦ હજારથી વધુ કર્મચારીઓ ફરજ બજાવે છે. ત્યારે ગુજરાત વીસીઈ મંડળ દ્વારા વીસીઈને કાયમી કરવા અને કર્મચારીઓને મળે છે તેવા તમામ લાભો આપવા અંગે વારંવાર રજુઆત સરકાર સમક્ષ કરવામાં આવી છે. છતા સરકાર દ્વારા યોગ્ય નિવેડો લાવવામાં આવ્યો નથી. આગામી તા.૧૦ સપ્ટેમ્બર સુધીમાં સરકાર દ્વારા કોઈ યોગ્ય જવાબ વીસીઈ મંડળને નહી આપવામાં આવે તો વીસીઈ મંડળના પ્રમુખ તેમજ અન્ય સભ્યો સાથે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર બેસવાનું નક્કી કરવામાં આવ્યું છે. વીસીઈ દ્વારા સરકારમાં ૨૦૦૦ આવેદન પત્રો આપવામાં આવ્યા છે. ગુજરાતના તમામ ધારાસભ્યો અને સાંસદસભ્યો તેમજ અન્ય અગ્રણીઓને આવેદન પત્ર આપી કોમ્પ્યુટર ઓપરેટરને કાયમી કરવા રજુઆત કરાઈ છે. તેમ છતા સરકારના કાને કોમ્પ્યુટર ઓપરેટરની વાત સંભળાતી નથી. ત્યારે આગામી તા.૧૨ સપ્ટેમ્બરના રોજથી સત્યાગ્રહ છાવણી ખાતે કોમ્પ્યુટર ઓપરેટર સાહસિક મંડળના પ્રમુખ શકરાજી ઠાકોર પોતાના અન્ય કર્મચારીઓ સાથે ઉપવાસ પર બેસશે તેમ તેઓએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. રમેશચંદ્ર ધીરજલાલ કોટેજા, ઉ.વ. ૭૪
- સ્વ. ભવાનજી રઈજીજી ઠાકોર, ઉ.વ. ૪૫
- સ્વ. કનકસિંહ સરતાનસિંહ કાવેઠીયા, ઉ.વ. ૬૬
- સ્વ. જીવણભાઈ મોહનભાઈ દંતાણી, ઉ.વ. ૫૦
- સ્વ. રાજેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ પઢીયાર, ઉ.વ. ૩૦
- સ્વ. લાલુબા ઉદાજી ચાવડા, ઉ.વ. ૧૦૦